## સેશન્સ કેસ નં.–૨૦/૨૦૨૩ ના કામે આંક–૩૮ લગત હુકમ

આજરોજ જુનાગઢ જીલ્લા જેલ ના જાવક નં–૧૫૦૯/૨૦૨૪ થી મળેલ જેલ અધીક્ષક શ્રી નો રીપોર્ટ અને રીપોર્ટ સાથેના કાગળો તથા આરોપી ધ્વારા કરવામા આવતા વર્તન બાબતને નજર સમક્ષ રાખતા તથા આરોપી ના સ્વાસ્થય સંબંધી હીતને ધ્યાને લઇ, આરોપીને તાત્કાલીક મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે તબદીલ કરવા તથા મધ્યસ્થ જેલ અમદાવાદ તબદીલ કરવામા આવે ત્યારબાદ મધ્યસ્થ જેલના જેલરશ્રી એ આરોપીને, માનસીક સ્થીતી ની પેનલ ડોકટર થી, કે જે પેનલમા ઓછામા ઓછા એક મનોચીકીત્સક હોય તે રીતેની ત્રણ ડોકટરોની પેનલ બનાવી અને જરુર જણાય તો ઓડીયો –વીડીયો ગ્રાફી સાથે તપાસણી કરાવડાવી અને આરોપી ટ્રાયલ માટે ફીટ છે કે કેમ ? તે બાબતે ખાતરી થવા બોર્ડ સમક્ષ રજુ રખાવવા. તેમજ જો આરોપીને કોઇ માનસીક બીમારી હોય તો તે સંબંધે જરુરી સારવાર અપાવી, જરુર જણાય તો આરોપીના ઉજવળ ભવીષ્ય માટે જરુરી તમામ એગ્રેસીવ ટ્રીટમેન્ટ પણ અપાવવી અને આરોપીનુ માનસીક સ્વાસ્થય સમતુલીત થાય, એટલે તુરત જ ફરીથી બોર્ડ સમક્ષ રજુ રાખાવી, ફીટ ફોર ટ્રાયલ નો રીપોર્ટ મેળવી, અત્રેની અદાલત ને રીપોર્ટ કરવો. તે રીતે આદેશ કરવામા આવે છે.

આરોપી મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે ટ્રાંન્સફર થયા બાદ, મધ્યસ્થ જેલ અમદાવાદ ના જેલરશ્રી એ જો તે અંદરના દર્દી તરીકે સારવારમા ન હોય તો, આરોપીને વખતો વખત ટ્રાયલ માટે રુબરુ હાજર રખાવવાના બદલે નીચે જણાવેલ અત્રેની અદાલતમા ઝુમ આઇડી પાસવર્ડ વડે, ઝુમ કલાઉડ મીટીંગમા જોડાઇ, બીજો હુકમ ન થાય ત્યા સુધી વરચ્યુલી જ હાજર રખાવવા.

જુનાગઢ જીલ્લા જેલ ઓથોરીટીએ હાલની અરજી તથા તે સાથેના તમામ બીડાણ તેમજ અગાઉની સારવારના જે કાંઇ કાગળો હોય તે તમામ, આરોપીને જેલ ટ્રાંન્સફર કરતા સમયે મધ્યસ્થ જેલ અમદાવાદને મોકલી આપવા.

હુકમ મુજબ જીલ્લા જેલ જુનાગઢ અને મધ્યસ્થ જેલ અમદાવાદ ઓથોરીટી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એસ.ગઢવી)
સેશન્સ જજ
ગીર સોમનાથ એટ વેરાવળ.
(જી.જે.૦૦૪૪૦)